# Phone call between Prime Minister Shri Narendra Modi and H. E. Mr. Ferdinand Marcos Jr., President of the Philippines

August 05, 2022

## પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયર વચ્ચે ટેલિફોન પર વાત થઈ

ઓગસ્ટ 05, 2022

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે ફિલિપાઈન્સના પ્રમુખ મહામહિમ શ્રી ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયર સાથે ફોન પર વાત કરી.

પ્રધાનમંત્રીએ મહામહિમ માર્કોસ જુનિયરને ફિલિપાઈન્સના 17મા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

બંને નેતાઓએ દ્વિપક્ષીય જોડાણના વિવિધ ક્ષેત્રોની સમીક્ષા કરી અને તાજેતરના વર્ષોમાં બંને દેશો વચ્ચેના સહકારની ઝડપી વૃદ્ધિ પર સંતોષ વ્યક્ત કર્યો.

પ્રધાનમંત્રીએ ભારતની એક્ટ ઈસ્ટ પોલિસી અને તેના ઈન્ડો-પેસિફિક વિઝનમાં ફિલિપાઈન્સ ભજવે છે તે મહત્વની ભૂમિકાનો પુનરોચ્ચાર કર્યો અને દ્વિપક્ષીય સંબંધોને વધુ વિસ્તૃત કરવાની ઈચ્છા વ્યક્ત કરી.

પ્રધાનમંત્રીએ રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયરને ફિલિપાઈન્સના વિકાસ માટેની તેમની યોજનાઓ અને પ્રોજેક્ટ્સમાં ભારતના સંપૂર્ણ સમર્થનની ખાતરી પણ આપી હતી.

નવી દિલ્હી

ઓગસ્ટ 05, 2022

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.